ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૬૩૦૦૩૪૨-૪૩
૨૬૩૦૦૧૨૬
ટેલિગ્રામ :યુનિગુજરાત

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બૉક્સ નં. ૪૦૧૦
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY

**(NAAC Accredited B++)**
**www.gujaratuniversity.org.in**

FAX : (079) 26302654
Telehone : 26301341-26300342-43,
26300126
Telegrams : UNIGUJARAT

OFFICE OF THE GUJARAT UNIVERSITY,
POST BOX NO. 4010, NAVRANGPURA,
AHMEDABAD-380 009 (INDIA).

**નં. પરીક્ષા/૨-અ/BEd/૧૯૨૯૮/૨૦૧૭** **તા. ૯-૨-૨૦૧૭**

**પરિપત્ર નં. : ૧૩**

ગુજરાત યુનિવર્સિટી સાથે સંકળાયેલ તમામ બી.એડ્.ની કૉલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, આ યુનિવર્સિટીના બી.એડ્. સેમેસ્ટર-૪માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓના પરીક્ષાના પ્રિ-પ્રિન્ટેડ આવેદનપત્રો ભરવાના થાય છે. આપની કૉલેજ / સંસ્થામાં સેમેસ્ટર-૪ના રેગ્યુલર અને રીપિટર વિદ્યાર્થીઓના પ્રિ-પ્રિન્ટેડ પરીક્ષા ફોર્મ ભરી યાદી બનાવી અને ફી સાથે આ કાર્યાલયને **તા. ૧૦-૦૨-૨૦૧૭** સુધીમાં જમા કરાવવાનુ જણાવવામાં આવે છે. ત્યારબાદ માન. કુલપતિશ્રીના આદેશ સિવાય કોઈ જ પરીક્ષા ફોર્મ સ્વીકારવામાં આવશે નહી. પ્રિ-પ્રિન્ટેડ આવેદનપત્રો તથા યાદી ગુજરાત યુનિવર્સિટીની વેબસાઈટ www.gujaratuniversity.ac.in પરથી ડાઉનલોડ કરવાના રહેશે. જે વિદ્યાર્થી રદ થયેલ હોય તેનું પરીક્ષા ફોર્મ પ્રિન્ટ કાઢીને લાલ પેનથી રદ લખી તથા યાદીમાં લાલ પેનથી કેન્સલ કરી આચાર્યશ્રીના સહી-સિક્કા કરી અલગથી જમા કરાવવના રહેશે.

**પરીક્ષા ફોર્મ યુનિવર્સિટી કાર્યાલયમાં જમા કરાવવા માટે મોકલતા અગાઉ નીચેની સૂચનાઓનું ચુસ્તરીતે પાલન કરવા વિનંતી છે.**

(૧) પરીક્ષા ફી પેટે વિદ્યાર્થીદીઠ રૂ. ૬૩૫/- જમા કરાવવાના રહેશે. જેમાં રૂ. ૨૫/- પરીક્ષા ફોર્મની ફી, રૂ. ૨૦૦/- થીયરી પરીક્ષાની ફી, રૂ. ૧૫૦/- પ્રેક્ટિકલ (લેશન) ફી અને રૂ. ૨૬૦/- ડિગ્રી ફીનો સમાવેશ થાય છે.

(૨) સદર પરીક્ષા ફોર્મ સ્કેન કરવાના હોવાથી વિદ્યાર્થીઓ પાસેથી સ્પષ્ટ અને સુવાચ્ય અક્ષરમાં ભરવાના રહેશે. જેમાં વિષયના કોડ અને વિષયો સ્પષ્ટ વંચાય તે રીતે લખવા વિદ્યાર્થીઓને સુચના આપવી.

(૩) પરીક્ષા ફી, ડિગ્રી ફીનો ક્રોસ્ડ ડિમાન્ડ ડ્રાફ્ટ/પેઓર્ડર, **કુલસચિવશ્રી, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૩૮૦૦૦૯**ના નામનો કઢાવીને મોકલી આપવાનો રહેશે. ડિમાન્ડ ડ્રાફ્ટ/પેઓર્ડર બેન્ક કમિશન બાદ કરીને કઢાવવાનો રહેશે. ચેક સ્વીકારવામાં આવશે નહીં.

(૪) પ્રી-પ્રિન્ટેડ પરીક્ષા ફોર્મમાં જો કોઈ સુધારા હોય તો તેવા ફોર્મ અને સેમેસ્ટર-૪ના રીપીટર વિદ્યાર્થીઓના પરીક્ષા ફોર્મની સાથે તમામ પ્રયત્નની ગુણપત્રકની ઝેરોક્ષ નકલ અવશ્ય મુકવી અને અલગ-અલગ બંચમાં મોકલવાના રહેશે.

[P.T.O.

(૫) **જે વિદ્યાર્થીઓએ હજુ સુધી ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ અત્રે જમા કરાવેલ ન હોય તેવા વિદ્યાર્થીને પરિપત્ર નં. ૨૦૪, ૨૧૯ અને ૨૭૪ મુજબ સેમેસ્ટર-૪નું પરીક્ષા ફોર્મ ભરી શકશે નહિ. જેની કોલેજના આચાર્યશ્રીઓએ ખાસ નોધ લઇ તેનો ચુસ્ત પણે અમલ કરવાનો રહેશે.**

(૬) **પરીક્ષા ફોર્મમાં નીચેની વિગતો સ્પષ્ટરીતે ભરવી.**

(ક) **કોલમ નં. ૦૭(A) કોર્સ કોડના ખાનામાં વિદ્યાર્થીએ રાખેલ Special Field Aના વિષયનો ત્રણ આંકડા નો માત્ર કોડ લખવાનો રહેશે. જ્યારે કોડ સબ્જેક્ટના બોક્ષમાં ૫૧૦, ૫૧૧, ૫૧૨ પૈકી રાખેલ વિષય કોર્સની સામેના ખાનામાં ટીક (√) કરવાની રહેશે.**

(ખ) **કોલમ નં. ૦૭(C) કોર્સ કોડના ખાનામાં વિદ્યાર્થીએ રાખેલ Elective Paper Cના વિષયનો ત્રણ આંકડા નો માત્ર કોડ લખવાનો રહેશે. જ્યારે કોડ સબ્જેક્ટના બોક્ષમાં ૫૦૧, ૫૦૨, ૫૦૩, ૫૦૪ અને ૫૦૫ પૈકી રાખેલ વિષય કોર્સ ની સામેના ખાનામાં ટીક (√) કરવાની રહેશે.**

(ગ) **રીપિટર વિદ્યાર્થીઓના પ્રી-પ્રિન્ટેડ પરીક્ષા ફોર્મમાં જે વિષય સામે Appear દર્શાવેલ છે તે વિષયની પરીક્ષા આપવાની રહેશે અને વિદ્યાર્થીએ ભરેલ તમામ વિગતો તથા પ્રી-પ્રિન્ટેડ ફોર્મમાં છપાયેલ વિગતો કૉલેજે ચકાસ્યા બાદ આચાર્યશ્રીના સહી-સિક્કા કરીને જમા કરાવવાના રહેશે. જેથી બાદમાં સુધારાવધારાની કોઈ કાર્યવાહી કરવાની રહેશે નહીં.**

(ઘ) **પરીક્ષા ફોર્મ સ્કેન કરવાના હોવાથી તેને પંચિંગ કે કાણું પાડવું નહીં અને સ્ટેપલર પીન લગાવવી નહીં. તેમજ કૉલેજે સીરિયલ નંબર મુજબ ક્રમમાં ફોર્મ પ્લાસ્ટિકના કવરમાં ૫૦ના બંચમાં મોકલવાના રહેશે. જેથી ફોર્મ ફાટી કે ચોળાઈ ન જાય, જો ફોર્મ તે રીતે નહિ હોય તો સ્વીકારવામાં આવશે નહીં.**

(ચ) પ્રી-પ્રિન્ટેડ પરીક્ષા ફોર્મ સાથે www.gujaratuniversity.ac.in પરથી યાદી ડાઉનલોડ કરી રેગ્યુલર અને રીપિટર વિદ્યાર્થીઓની અલગ યાદી આપવી.

આભાર સહ.

પરીક્ષા નિયામક